# કલા કૌશલ્ય ધારા અંતર્ગત દ્વિદિવસીય સ્પર્ધાનુ આયોજન

નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયામાં કલા કૌશલ્ય ધારા અંતર્ગત દ્વિદિવસીય સ્પર્ધાનું આયોજન કરવામં આવ્યું. તારીખ ૦૨/૦૯/૨૨ ના રોજ મહેંદી સ્પર્ધા યોજવામાં આવી. ૨૬ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે અરુણાબેન પી. દંતાણી, દ્વિતીય નંબરે ભારતીબેન પી. ઠાકોર અને તૃતીય નંબરે કિંજલબેન પી. કડિયા વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સો.ડો.પટેલ પ્રાથમિક શાળાના શ્રી ભાવનાબેન એન. ડાભી અને શ્રી રુપકબેન જી. પટેલે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી.

તારીખ ૦૩/૦૯/૨૨ના રોજ રંગોળી સ્પર્ધા યોજવામાં આવી. આ સ્પર્ધામાં ૧૩ વિદ્યાર્થિનીઓ એ ભાગ લીધો. જેમાં પ્રથમ નંબરે કિંજલબેન એ. ઠાકોર, દ્વિતીય નંબરે પુષ્પાબેન આર. ઠાકોર અને તૃતીય નંબરે રોશની જે. રાઠોડ વિજેતા બન્યા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી કે.કે.પટેલ ગર્લ્સ હાઈસ્કૂલના શ્રી વસંતભાઈ એ. પટેલની સાથે કોલેજના અધ્યાપક દિપકભાઈ સોંદરવા એ ભૂમિકાભજવી હતી. આ દ્વિદિવસીય સ્પર્ધાનું આયોજન ડૉ. વિમળાબેન ચૌહાણે કર્યું. કોલેજના વડાશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.










